# 14 પ્રાથમિક સારવાર

**પ્રાથમિક સારવાર**

અકસ્માતનો ભોગ બનેલ વ્યક્તિને દાકતરની મદદ મળી રહે ત્યાં સુધીમાં આપવામાં આવેલ તાત્કાલિક સારવારને પ્રાથમિક સારવાર કહે છે. આ સારવાર રાહતરૂપ હોય છે. કાયમી ઉપચાર નથી. આ સારવારથી દર્દીને થયેલ નુકસાન ઘટાડી શકાય છે.

**(1) ઘા :**

ઘા એટલે વાગવું. ઘાના જુદા જુદા પ્રકાર છે.

શરીર પર ઘાતક ધારદાર હથિયાર કે બોથડ સાધન વડે ઈજા થાય છે ત્યારે ચામડી, સ્નાયુ અને લોહીની નસ કપાઇ જાય છે. જેથી લોહી વહી જાય છે. આ વખતે સુક્ષ્મ વિષાણુ - જંતુઓ કપાયેલી ત્વચામાં દાખલ થાય છે.

ઘા થવાના મુખ્ય ચાર કારણો છે (1) કપાઇ જવાથી (2) ચિરાઇ જવાથી (3) કચડાઇ જવાથી (4) ભોંકાવાથી નાના-મોટા ઘા થાય છે.

ઈજા થયેલ ભાગને ચોખ્ખા, ઠંડા જંતુમુક્ત કરેલ પાણીથી ધુઓ અને ઍન્ટિસેપ્ટિક પ્રવાહીથી સાફ કરો. મુલાયમ રૂ સાથે એન્ટિસેપ્ટિક લોશનને જાળીવાળા પાટા સાથે બાંધો. ધનુર વિરોધી ઈન્જેકશન અવશ્ય અપાવવું જોઇએ.

જો ઘામાંથી વધુ લોહી વહી જતું હોય તો, ઘાના ઉપરના ભાગે દબાણપાટો બાંધવો જરૂરી છે.

તાત્કાલિક ઈજાગ્રસ્તને 108 એમ્બ્યુલન્સ દ્વારા પ્રાથમિક સારવાર કેન્દ્ર ખાતે લઈ જવો.

**(2) લોહી બાઝવું :**

પડવા, અફળાવા, આખડવાથી લોહી ન નિકળતાં ઢિમચું થાય છે. તેનો ઉપસેલા ભાગમાં ડાઘ પડે છે. તેને લોહી બાઝવું કહે છે. જેનાથી સોજો આવે છે.

સોજો ઉતારવા ઠંડા પાણીના પોતા મૂકવા અને બરફ ઘસવો. લોહી બાઝી ગયું હોય તો ડાઘની આજુબાજુ શેક કરવો અને તે ભાગને આરામ આપવો. જરૂરત મુજબ ફિઝિયોથેરાપીની સારવાર લેવી જોઇએ.

**શિક્ષક માટે સૂચના**

- વિદ્યાર્થીઓને ઘા થવાના કારણો જણાવવા.
- વિદ્યાર્થીઓને ઘાની પ્રાથમિક સારવારથી માહિતગાર કરવાં.
- વિદ્યાર્થીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાતે લઈ જાવ.

•